ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૦૬/૦૨/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
..............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઊર્જા સંરક્ષણ મહારેલી યોજાઈ.

આજના યુગમાં લોકો ઊર્જા બચત અને તેની અગત્યતા સમજે તે હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા લોકમાનસ સુધી ઊર્જા બચતનો સંદેશો પહોંચાડવાના આશયથી ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત ભાવનગર જિલ્લામાં **કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર**ના માધ્યમથી **તા.૦૬ ફેબ્રુઆરી, ૨૦૧૬, શનિવારના રોજ સવારે ૭:૩૦ કલાકથી ૧૦:૩૦ કલાક દરમ્યાન ઊર્જા સંરક્ષણ મહારેલીનું આયોજન વિશુધ્ધાનંદ વિદ્યા મંદિર ખાતેથી થયેલ.**

આ ઊર્જા સંરક્ષણ મહારેલીમાં ઉપસ્થીત ધારા સભ્ય શ્રીમતિ વિભાવરીબેન દવે, શાસનાધિકારી શ્રી સતીશભાઈ ત્રિવેદી, ડૉ.ગીરીશભાઈ વાઘાણી (ટ્રસ્ટી શ્રી, તાપીબાઈ આર. ગાંધી વિકાસ ગૃહ), પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખશ્રી કલ્યાણ ફાઉન્ડેશન આચાર્ય શ્રી બી, એમ કોમર્સ હાઈસ્કુલ), શ્રી લાલજીભાઈ ધાંધલ્યા (આચાર્ય શ્રી વિશુદ્ધાનંદ વિદ્યામંદિર),તથા ડૉ.ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર) વગેરે મહાનુભાવો દ્વારા ઊર્જા વિષય પર પોતાના મંતવ્ય આપ્યા બાદ મહારેલીને જંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવેલ.

આ ઊર્જા સંરક્ષણ મહારેલી વિશુધ્ધાનંદ વિદ્યામંદિરથી શરૂ થઇ જૈન દેરાસર, એમ.જે. કોમર્સ કોલેજ, પી. જી. બોઈઝ હોસ્ટેલ, લો કોલેજ, ડિપ્લોમા કોલેજ (B.P.T.I), યુનિર્વસીટી રોડ, વિધેશ્વર મહાદેવ મંદીર, એસ. બી. આઈ. બેંક–વિદ્યાનગર, ગૌતમ એપાટમેન્ટ, ચીતરંજન ચોક થઇને વિશુધ્ધાનંદ વિદ્યામંદિર પરત ફરેલ.

ઉપરોકત ઊર્જા સંરક્ષણ મહારેલીમાં ભાવનગર શહેર તેમજ તાલુકાની કુલ ૬૭ થી વધારે ઉચ્ચતર પ્રાથમીક શાળાઓના ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઊર્જા બચત અને પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના ઉપયોગોનો સંદેશો ફેલાવવા ભાવનગર શહેરના ગીચ વિસ્તાર વિદ્યાનગરના ઉપરોકત વિવિધ વિસ્તારોમાં રેલી સ્વરૂપે ફરેલ. જેમાં વિદ્યાર્થીઓ શાળાના નામ સાથેના બેનર, ઊર્જા બચતના સ્લોગનો, આઇ કાર્ડ વગેરેનાં માધ્યમથી લોકોનું ધ્યાન આકર્ષિત કરવાના પ્રયાસો કરી લોકમાનસને ઊર્જા બચત અને પુનઃ પ્રાપ્ય ઊર્જાનો સંદેશો આપેલ. ઉપરાંત સાથે જોડાયેલા શિક્ષકો દ્વારા ઊર્જાની આ સંદેશાના ફેલાવા હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા સુત્રોચ્ચાર કરાવતા નજરે પડેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.